# ખાસ IVF (ટેસ્ટ ટ્યૂબ બેબી)ની સારવાર માટેની અતિ આધુનિક અને સૌરાષ્ટ્રની સૌથી વિશાળ હોસ્પિટલ.

## વિંગ્સની વિષેશતાઓ

- અદ્યતન ટેક્નોલૉજી ધરાવતી IVF હોસ્પિટલ
- 5માં દિવસનું ગર્ભ ટ્રાન્સફર અને વિટ્રીફીકેશન
- ઓછામાં ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ
- પોતાનાં જ અંડકોશ અને શુક્રાણું દ્વારા ગર્ભધારણ કરવા ઉપર વધુ મહત્વ
- DNA ફ્રેગમેન્ટેશન ટેસ્ટ
- ઓછા અથવા 0 કાઉન્ટ શુક્રાણું ધરાવતા દર્દીઓને પણ સચોટ માર્ગદર્શન
- સંપૂર્ણ પારદર્શક સારવાર માટેનું ઉત્તમ સ્થળ

WINGS IVF Giving birth to your hope

વિંગ્સ છે, તો વિશ્વાસ છે.

**વિંગ્સ હોસ્પિટલઃ** ''જાસલ'', સ્ટર્લિંગ હોસ્પિટલની સામે,
નાણાવટી ચોક, 150 ફૂટ રિંગ રોડ, રાજકોટ – 360007, ગુજરાત, ભારત.
**Contact no.: 78788 77222, 75750 01061/62/63**
Email: info.rajkot@wingshospitals.com
Web.: www.wingsrajkot.com

# IVF શું છે?

## IVF એટલે

**I** - ઈન

**V** - વાઈટ્રો (શરીરનાં બહારનાં ભાગમાં)

**F** - ફર્ટિલાઈઝેશન (ફલીનીકરણ)

શરીરનાં બહારનાં ભાગમાં સ્ત્રીબીજ અને પુરુષબીજનું મિલન કરાવી ફલીનીકરણ કરાવવાની પદ્ધતિને IVF કહે છે. જે ટેસ્ટ ટ્યૂબ બેબી સારવાર તરીકે ઓળખવામાં આવે છે.

## IVF કોણે કરાવવું જોઈએ?

સામાન્ય રીતે કોઈપણ કારણો સ્ત્રીબીજ અને પુરુષબીજનું મિલન કુદરતી રીતે શક્ય ન થવા દેતા હોય તેવા સંજોગોમાં IVF કરાવવું જોઈએ.

## જે સ્ત્રીમાં નીચે દર્શાવેલ માંથી કોઈ સમસ્યા હોયઃ

ગર્ભવાહક નલિકાને લગતા રોગો જેવા કે 1. બંને ગર્ભવાહિની બંધ હોવી 2. ગર્ભવાહિનીમાં કોઈપણ પ્રકારનાં ચેપને લીધે કાર્યક્ષમતા ગુમાવી દેવી.

અંડાશયની કોથળીમાં સ્ત્રીબીજને લગતા રોગો જેવા કે, **1.** જન્મથી અંડાશયની કોથળીમાં એકપણ સ્ત્રીબીજ ન હોવું. (Primary Ovarian Failure) **2.** કોઈ બેક્ટેરિયલ કે વાઈરલ ચેપનાં લીધે અંડાશયમાં બધા જ સ્ત્રીબીજનો નાશ થવો. (Secondary Ovarian Failure) **3.** દવા, ગોળી કે સામાન્ય માત્રાવાળા ઈન્જેક્શનથી સ્ત્રીબીજનું ન બનવું અને છુટું ન પડવું (Poor Responding Ovary) **4.** અંડાશયની કોથળીમાં ગંભીર કક્ષાનો (ગ્રેડ–૩) એન્ડોમેટ્રીયોસીસ નામનો રોગ હોવો.

ઉપરોક્ત બધા જ કારણોમાં સ્ત્રીબીજ તેની જગ્યાએથી છુટું પડીને નળીમાં જઈ શકતું નથી. જેનાથી કુદરતી રીતે સ્ત્રીબીજ અને પુરુષબીજનું મિલન થતું નથી.

## પુરુષમાં નીચે દર્શાવેલ માંથી કોઈ સમસ્યા હોયઃ

**1.** પુરુષનાં વિર્યનાં રિપોર્ટમાં પુરુષબીજની સંખ્યા 5 મિલીયન કરતાં ઓછી હોવી. (Severe Oligospermia) **2.** ગતિ કરતાં શુક્રાણુંનું પ્રમાણ 10% કરતાં ઓછું હોવું (Severe Ashthenospermia) **3.** પ્રેગનન્સી માટે જવાબદાર સારા શુક્રાણુંની સંખ્યા 14% કરતાં ઓછી હોવી (Teratozoopermia) **4.** વીર્યનાં રીપોર્ટમાં એકપણ પુરુષબીજ ન હોવું. (Azoospermia IVF ICSI દ્વારા) જ્યારે સ્ત્રી અને પુરુષનાં બધા જ રિપોર્ટ નોર્મલ હોય અને અથાક પ્રયત્નો કરવા છતાં (કુદરતી સંબંધ IUI) પ્રેગનન્સી રહેતી ના હોય, તેવા સંજોગોમાં IVF એ છેલ્લો ઉપાય છે. ઘણીવાર કુદરતી રીતે સ્ત્રીબીજની ગણવત્તામાં ઘટાડો થાય છે, તે આપણે સ્ત્રીબીજ બહાર કાઢવામાં આવે તો જ જાણી શકાય છે. પરંતુ આવી સ્ત્રીઓમાં કુદરતી રીતે પ્રેગનન્સી રહેવામાં ખૂબ જ વિલંબ થાય છે અને ઝડપથી નિવારણ માટે IVF એ ઉત્તમ પગથીયું છે.

## ક્યારે , ક્યા સમયે, કેટલી ઉંમરે અને કેટલું IVF કરાવવું જોઈએ?

જ્યારે બધા જ કારણો એવું દર્શાવતા હોય કે કુદરતી રીતે હોય ત્યારે જેમ બને તેમ ઓછી ઉંમરે ઝડપી IVF કરાવવું જોઈએ.

શું પતિના વિર્યનાં રિપોર્ટમાં એક પણ શુક્રાણું ન હોય તો પિતા બની શકાય?

હા, જો પુરુષનાં પિંડની અંદર શુક્રાણુંનું ઉત્પાદન થતું હોય પણ વીર્ય સાથે બહાર ન આવી શકતા હોય તેવા પુરુષનાં પિંડ માંથી (TESA) દ્વારા એટલે કે સુક્ષ્મ સોય દ્વારા શુક્રાણુંઓને પિંડ માંથી ખેંચી લઈને તેનો ઉપયોગ સ્ત્રીબીજને ફલન કરવા માટે થાય છે. જે ફલીનીકરણ પદ્ધતિને ICSI કહે છે.

## ICSI એટલે શું?

વિજ્ઞાનની એક મહાન સિદ્ધિ કે જેમાં એક પુરુષબીજને નળીમાં લઈને સ્ત્રીબીજની અંદર માઈક્રોસ્કોપમાં જોતાં જોતાં ફલીનીકરણની પ્રક્રિયા કૃત્રિમ રીતે કરવામાં આવે છે. તેને ICSI કહે છે.

## IVF કેવી રીતે કરવામાં આવે છે અને દર્દીએ કેટલો સમય ફાળવવો પડે?

**IVF ને ચાર ભાગમાં વિભાજીત કરવામાં આવે છે.**

**1. ડાઉન રેગ્યુલેશનઃ** જેમાં માસિકનાં 21માં દિવસથી ચામડીની અંદર શરીરનાં અંતઃસ્ત્રાવ નિયંત્રણ કરવાનું એક ઈન્જેક્શન શરૂ કરવામાં આવે છે. આ પગથીયું કોઈપણ દૂરની જગ્યાએથી નજીકનાં સોનોલોજિસ્ટને બતાવી ટેલિફોનિક કે ઈન્ટરનેટ જેવા માધ્યમ વડે વાત કરીને ઘરે બેઠા ઈન્જેક્શન શરૂ કરી શકાય છે.

**2. સ્ત્રીબીજ ઉત્તેજીત કરવાનો તબક્કોઃ** અંતઃસ્ત્રાવ નિયંત્રણ કરવાનું ઈન્જેક્શન ચાલુ હોય અને સ્ત્રિને જ્યારે માસિક આવી જાય ત્યારે ચાલુ માસિકનાં બીજા અથવા ત્રીજા દિવસથી સ્ત્રીની ઉંમર, વજન અને સોનોગ્રાફીનાં નિદાન પરથી ચોક્કસ ડોઝ નક્કી કરીને રોજ સ્ત્રીબીજ ઉત્તેજીત કરવાનાં ઈન્જેક્શન આપાવામાં આવે છે. આ તબક્કા દરમિયાન દર્દીએ ઓછામાં ઓછા બે વખત IVF સેન્ટર પર આવીને ફોલિક્યુલર મોનિટરીંગ માટેની સોનોગ્રાફી કરાવવી પડે છે, જે ખુબ જ જરૂરી છે. આમાં જરૂર જણાય તો ઈન્જેક્શનનાં ડોઝમાં ફેરફાર કરવામાં આવે છે.

**3. Ovum Pick-up સ્ત્રીબીજ બહાર કાઢવાની પ્રક્રિયાઃ** જ્યારે કોઈપણ સ્ત્રીનાં સ્ત્રીબીજ 18mm - 22mm થાય ત્યારે તેને પરિપક્વ સ્ત્રીબીજ કહેવાય છે. પરિપક્વ સ્ત્રીબીજની સંખ્યા ઓછામાં ઓછી 8 થી 10 હોવી જરૂરી છે. જેને સ્ત્રીબીજ છુટું પાડવાનું ઈન્જેક્શન આપીને 34 થી 26 કલાકની અંદર સ્ત્રીને દાખલ કરીને સંબંધનાં માર્ગેથી પાતળી સોય દ્વારા સોનોગ્રાફીમાં જોતાં જોતાં સ્ત્રીબીજને બહાર કાઢવામાં આવે છે.

## ગર્ભ બનાવવા માટેની પદ્ધતિ :

આ તબક્કામાં બહાર કાઢેલા સ્ત્રીબીજની અંદર 1-1 પુરુષબીજનો પ્રવેશ કરાવીને ગર્ભાશયની કોથળીની ગરજ સારે તેવા Co2 Incubator માં 2 થી 5 દિવસ ઉછેર કરવામાં આવે છે.

**4. Embryo Transfer ગર્ભને ગર્ભાશયમાં પાછો મુકવાની પ્રક્રિયાઃ**

સામાન્ય રીતે 2 કે 3 દિવસનાં ઉછરેલા ગર્ભને એક ખૂબ જ પાતળી નળી દ્વારા ગર્ભાશયની કોથળીની અંદર સોનોગ્રાફીમાં જોતાં જોતાં યોગ્ય જગ્યાએ મુકવામાં આવે છે. દર્દીને વધુમાં વધુ 2 કલાકનું રોકાણ કરાવીને રજા આપવામાં આવે છે.

## અંડદાન(સ્ત્રીબીજદાન) એટલે શું? કોણે કરાવવું જોઈએ?

**1.** જે સ્ત્રી પહેલેથી જ માસિક ધર્મમાં બેસતી ના હોય. **2.** ઓછી ઉંમરે જેનું માસિક સંપૂર્ણ રીતે બંધ થઈ ગયું હોય. **3.** 40 કે તેથી વધુ ઉંમરવાળી સ્ત્રી કે જેઓ મેનોપોઝમાં પ્રવેશી ચૂકી હોય

ઉપરોક્ત તમામ પ્રકારની સ્ત્રીઓમાં સ્ત્રીબીજદાનથી ખૂબ જ ઉત્તમ અને ઝડપી સફળતા મેળવી શકાય છે. જેમાં સ્ત્રીની ઉંમરનો સફળતા ઉપર કોઈ બાધ હોતો નથી. એટલે કે 60 વર્ષની ઉંમરની સ્ત્રી માતા બને તો નવાઈ નથી.

## સરોગસી એટલે શું? Surrogacy કોણે કરાવવી જોઈએ?

સરોગસી એટલે સ્ત્રી અને પુરુષનાં પોતાનાં જ ગર્ભને 9 મહિના ઉછેર કરવા માટે બીજી સ્ત્રીની ગર્ભાશયની કોથળીની અંદર મૂકીને ઉછેર કરવામાં આવે તે.

1. જે સ્ત્રીને ગર્ભાશયની કોથળી ના હોય અથવા તો ખૂબ જ નાની હોય એટલે સક્ષમ ના હોય 2. ગર્ભાશયની અંદર જટિલ રોગ જેમકે ગર્ભ કોઈપણ સંજોગોમાં સ્ત્રીની પોતાની ગર્ભાશયની કોથળીમાં વિકાસ પામી ના શકતો હોય અને વારંવાર ટેસ્ટ ટ્યૂબનાં 5 કે 6 પ્રયોગ પછી પણ ગર્ભની ગુણવત્તા સારી હોવા છતાં પણ સફળતા ના મળતી હોય તેવા સંજોગોમાં સરોગસી કરાવવી જોઈએ. હાલ સુધી ભારત સરકારે સરોગસી માટે કોઈ ચોક્કસ કાયદાની જોગવાઈ કરી નથી.

### અનુભવ I.V.F. નો !

કોઈપણ કાર્યરત સ્ત્રી પોતાની જોબને નુકસાન કર્યા વગર IVF કરાવી શકે છે. વધુમાં વધુ IVF ની એક સાઈકલ 20 થી 25 દિવસનો સમય લે છે. જેમાં ત્રણ વાર ઓ.પી.ડી.માં બતાવવા આવવું પડે છે અને એક વાર હોસ્પિટલમાં 2 કલાક માટે દાખલ થવું પડે છે. સ્ત્રીબીજ બહાર કાઢવાની પ્રક્રિયા ખૂબ જ સરળ છે. જેમાં કૉમ્પ્લિકેશન ના બરાબર છે IVF ની અંદર સ્ત્રીબીજ બનવા ઈન્જેક્શન આપવાની પદ્ધતિ આપનાર ડૉક્ટર અથવા નર્સની ગુણવત્તા, દર્દીનાં સમયની સચોટતા IVF ની સફળતામાં ખૂબ જ મહત્તવનો ભાગ ભજવે છે. દર્દીએ IVF સારવાર IVF સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર પાસે અને સુસજ્જ સેન્ટરમાં જ કરાવવું જોઈએ. માત્ર એક જ પ્રયત્નમાં 100% નું પરિણામ લાવી આપે તેવા મનોવિચાર સાથે IVF ન કરાવવું.

### સફળતાની પારદર્શકતાઃ

વિંગ્સ હોસ્પિટલની અંદર દર્દીએ તેમણે નક્કી કરેલ IVF પૂર્વેનાં બધા જ ટેસ્ટ કરાવવામાં આવે છે. જો રિપોર્ટની ગુણવત્તામાં ડૉક્ટરે નક્કી કરેલ પરિબળો પરિપૂર્ણ થતાં હોય તેવા સંજોગોમાં જીવતું બાળક લાવવા માટેની પૂરેપૂરી ગેરંટી આપે છે.

# IUI શું છે?

### IUI એટલે

**I** - (ઈન્ટ્રા) – ની અંદર

**U** - (યુટ્રેઈન) – ગર્ભાશયની કોથળી

**I** - (ઈન્સેમિનેશન) –પતિના વીર્યનું મુકવું.

ટૂંકા શબ્દોમાં પતિના વીર્યને પ્રોસેસ કરી, સારા શુક્રાણુંનાં સમૂહનું ઈન્જેક્શન બનાવીને ગર્ભાશયની કોથળીની અંદર સ્ત્રીબીજ છૂટું પડવાના સમયે મૂકવાની પદ્ધતિને IUI કહે છે.

### IUI કોણે કરાવવું જોઈએ?

### જે સ્ત્રીમાં નીચે દર્શાવેલ માંથી કોઈ સમસ્યા હોયઃ

- સ્ત્રીબીજ બનવાની સામાન્ય ગોળીથી સ્ત્રીબીજ ન બનવું (Clomiphone Citrate, Letrozole) (Poly Cysticovary)
- લાંબા સમયનું વંધ્યત્વ કે જેમાં સ્ત્રી અને પુરુષનાં રિપોર્ટ નોર્મલ હોય, છતાં પ્રેગનન્સી ન રહેતી હોય.
- સામાન્ય રીતે આવા દર્દીઓ માર્ગદર્શનનાં અભાવે અને વધારે ખર્ચો કરવાથી જલ્દી બાળક રહે તેવા મોહથી ટેસ્ટ ટ્યૂબ બેબી કરાવતા હોય છે. જે તદ્દન પુરાવા રહિત અને વ્યર્થ છે. અમે સંસ્થા તરીકે આવા પેશન્ટને પ્રેગનન્સી રાખી આપવાની ચેલેન્જ આપીએ છીએ.

સામાન્ય કે સામાન્યથી વધારે Endometriosis જેવા રોગોની અંદર...

- જન્મજાતથી એક જ ગર્ભવાહિક નલિકા હોય અથવા ઓપરેશન દ્વારા એક નળી કાઢી નાખવામાં આવી હોય અથવા એક નળી ચેપના લીધે બંધ થઈ ગઈ હોય.
- ગર્ભાશયની કોથળી જન્મથી ખાલી હોય જેવી કે Unicollis uterus, Bicornuate Unicollisuterus.

### પુરુષમાં નીચે દર્શાવેલ માંથી કોઈ સમસ્યા હોયઃ

પુરુષના વીર્યમાં અસામાન્ય રીપોર્ટ, જેમાં શુક્રાણુંની સંખ્યા 15 મિલીયન કરતાં ઓછી, એક જ સીધી દિશામાં ગતિ કરતાં શુક્રાણુંની સંખ્યા 30% કરતાં ઓછી હોય અને લાંબુ વંધ્યત્વ હોય તેમાં IUI બહુ જ સરસ અને ઝડપી પરિણામ આપે છે.

### શું બધા જ ગાયનેકોલૉજિસ્ટ IUI કરી શકે છે?

**હા. પરંતુ નીચેની ઉત્તમ સુવિધાઓ હોસ્પિટલની અંદર હોય તો જ.**

1. Andrology Lab - કે જેમાં વીર્ય સેમ્પલ બનાવવા માટેનાં ઉત્તમ સાધનો જેવા કે લેમિનાર એરફ્લો, ઉત્તમ ગુણવત્તાનો માઈક્રોસ્કોપ, સેન્ટ્રીફ્યુઝ અને CO2 ઈન્ક્યુબેટર.
2. વીર્યનાં સેમ્પલને બનાવવા માટે ગાઢ અનુભવ ધરાવતા વ્યક્તિ કે જે ફક્ત સમર્પિતપણે એક જ કામ કરતા હોય.
3. સેન્ટર કે જ્યાં બધા જ ઉત્તમ ગુણવત્તાવાળા સાધનો (Medium) અને ડિસ્પોઝેબલ હાજર હોય (with expiry limit). ટૂંકમાં એમ કહી શકાય કે જ્યાં ફક્ત વંધ્યત્વનું કામ થતું હોય ત્યાં IUI કરાવવું જોઈએ.

### IUI નો અનુભવ

ડૉ. જયેશ અમીનની સાથે સાથે દુનિયાનાં તમામ ગાયનેકોલૉજિસ્ટનું માનવું છે અને જે પારદર્શક અને સનાતન સત્ય છે કે IUI ની સારવારમાં ચોક્કસ પ્રેગનન્સી આપવાનો સૌથી વધારે દર સ્ત્રીબીજ બનાવવાનાં ઈન્જેક્શન આપવામાં આવે તો જ મળે છે. ગોળી આપીને વીર્ય મૂકવાની ટ્રિટમેન્ટ ફક્ત સમય અને પૈસાનો બગાડ છે.

### સફળતાની પારદર્શકતા

વંધ્યત્વની અંદર પારદર્શકતા એ જ દર્દીનો આત્મવિશ્વાસ છે અને એ જ મોટી સફળતા છે.

વિંગ્સ હોસ્પિટલની અંદર IUI દ્વારા પ્રેગનન્સી રહેવાનો દર 35% થી પણ વધારે છે જે સફળતાની ચરમસીમા છે.

### IUI નાં કેટલા પ્રયત્નો કરાવી શકાય?

સામાન્ય રીતે જો સ્ત્રીની ઉંમર 30 વર્ષ કરતાં ઓછી હોય અને પુરુષનાં વીર્યનાં રિપોર્ટમાં શુક્રાણુંની સંખ્યા ઓછામાં ઓછા 5 મિલીયન હોય અને ગતિ કરતાં શુક્રાણુંની સંખ્યા 10% કરતાં વધારે હોય તેવા યુગલોએ વધુમાં વધુ 6 પ્રયત્ન કરવા જોઈએ. પરંતુ સ્ત્રીની ઉંમર 30 વર્ષ કરતાં વધારે હોય અને પુરુષનાં વીર્યનાં રિપોર્ટ p1 to 5 milium હોય અને ગતિ કરતાં શુક્રાણુંની સંખ્યા 10% કરતાં ઓછી હોય તેવા યુગલોએ વધુમાં વધુ 3 પ્રયત્નો કરવા જોઈએ.

આ લેખનો મર્મ એટલો જ છે કે IUI એ ખૂબ જ સુંદર અને સરળ તથા ઘણો જ વિચાર માંગી લે તેવી પદ્ધતિ છે. પરંતુ જો તે યોગ્ય જગ્યાએ, યોગ્ય સમયે અને સંપૂર્ણ સુવિધા ધરાવતાં સેન્ટરમાં કરવામાં આવે તો ટેસ્ટ ટ્યૂબ બેબી (IVF) જેવી અત્યંત મોંઘી સારવારને ટાળી શકાય છે.

**વિંગ્સ હોસ્પિટલ નિઃસંતાન દંપતિઓનાં સંતાનપ્રાપ્તિનાં ધ્યેયમાં મદદરૂપ થવા સમર્પિત છે.**

**ડૉ. સંજય આર. દેસાઈ**
MD (ગાયનેક)
IVF અને ઈનફર્ટિલિટી સ્પેશિયાલિસ્ટ



# કારણ કે બાળક લાવવાની IUI / IVF જેવી જટિલ પ્રક્રિયા માટે એક વિશ્વસનીય સ્થળ અનિવાર્ય છે.



વિંગ્સ હોસ્પિટલમાં અમે વંધ્યત્વને કારણે માતા–પિતા બનવાનાં તમારા અધૂરા સપનાં પૂરા કરવા માટે અમારો બનતો પ્રયત્ન કરીએ છીએ. અમે અમારી ક્ષમતા અને પ્રવિણતાનો વધુમાં વધુ ઉપયોગ કરી તમને સર્વોત્તમ IUI / IVF સારવાર પહોંચાડીએ છીએ. અહીં તમે અનુભવી શકશો કે તમે એક વિશ્વસનીય સ્થળ પર છો અને જ્યાં તમારી અંગત રીતે સંભાળ લેવામાં આવશે.

WINGS IVF Giving birth to your hope

વિંગ્સ છે, તો વિશ્વાસ છે.